Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક : ૮૪
સને ૧૯૮૬-૮૭
સંવત : ૨૦૪૩

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક ફાઈલ ૮૪

શ્રી જૈન આત્માનંદ સભા
આત્માનંદ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

# શ્રી આત્માનંદ પ્રકાશ

# Shree Atmanand Prakash



अनादिश्चेतनस्यायं दुःखपूर्णो भवभ्रमः ।
रागद्वेषादिसंक्लेशसमाश्लेषसुद्भवः ॥

* ચેતન (આત્મા)નું આ દુ:ખપૂર્ણ ભવભ્રમણ અનાદિકાળથી ચાલી રહ્યું છે, જે તેના રાગદ્વેષ આદિ કલેશોને આભારી છે.

* This miserable wandering of the phenomenal soul in the transmigratory cycle is cbrried on from beginningless time. This wandering of it, is owing to its embracing passions-attachment, aversion and others.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૪<br>卐<br>અંક : ૧/૨ | કારતક-માગસર<br>卐<br>નવેમ્બર-ડીસેમ્બર-૯૬ | આત્મ સંવત : ૧૦૧<br>વીર સંવત : ૨૫૨૩<br>વિક્રમ સંવત ૨૦૫૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | તો ચાલશે.... | — | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૨ |
| (૩) | સત્. ચિત્ ને આનંદની પ્રાપ્તિ | પ્રવચનકાર : યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી<br>અનુવાદક ; શ્રી કુમારપાળ દેસાઈ | ૬ |
| (૪) | ઔષધો જ્યાં હારે છે આસ્થા ત્યાં વિજયી બને છે ! | — | ૯ |
| (૫) | સાચા હોય તે સહુને અજવાળે | પૂ. મુનિશ્રી રાજરત્નવિજયજી મ. સા.<br>સંકલન : શ્રીચંદ પાલીતાણા | ૧૨ |
| (૬) | કર્મરાજાની કરામત | સંકલન ; કાંતિલાલ આર. સલોત | ૧૩ |
| (૭) | ભાવનગર સ્થિત કૃષ્ણનગર જૈન દેરાસરે સૂરિમંત્ર આદિની ભવ્યાતિભવ્ય ઉજવણી | — | ૧૬ |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

શ્રી રસીકલાલ જયંતીલાલ શાહ (હારીજવાળા) ભાવનગર

શ્રી ભરતકુમાર નગીનદાસ શાહ-ભાવનગર

શ્રીમતી મધુબેન નગીનદાસ શાહ-ભાવનગર

શ્રી નરેન્દ્રકુમાર વનમાળીદાસ મહેતા-ભાવનગર

શ્રી ચંદ્રકાંત મનસુખલાલ શાહ-ભાવનગર

શ્રી વિરેન્દ્રકુમાર વિનયચંદ સંઘવી-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

# તો ચાલશે....

ભલે કંઈ જ મુજને ના મળે બસ તું મળે તો ચાલશે
ભલે આશ મુજ'કો ના ફળે બસ તું ફળે તો ચાલશે

વિશ્વાસ કીધો વિશ્વમાં વ્હાલા જિનેશ્વર આપથી
છૂટવા માંગુ છુ અંતરે ભવોભવ તણા સંતાપથી
દિનકર ભલે હું ના બનું....દિવડો બનું તો ચાલશે....

ઇચ્છા મને છે એક કે પારસ મળ્યો કંચન બનું
આશા મને છે એક કે તારક મળ્યો ભવથી તરૂ
તરી શકું ના ભવથી ભલે ચરણે રહુ તો ચાલશે ....

પૂજા કરી હું પૂજ્યની એ પરમ પદને હું ગ્રહુ
પિતા મળ્યા જિનવર સમા વારસ બની શોભી રહુ
વારસ બની જો ના શકું પણ દાસ થઉં તો ચાલશે ....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

**શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ**

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસીક ૯૩ વર્ષ પુરા કરી ૯૪ માં વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભાનું આ શતાબ્દી વર્ષ ચાલે છે, જે આપણા સર્વેને માટે આનંદ તેમ જ ગૌરવનો વિષય છે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મજ્ઞાનની સુગંધ ફેલાવતું સદ્‌જીવન તથા સદ્‌વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું પ્રગતિ કરી રહ્યું છે.

અમો માસીકમાં વિદ્વાન પૂ. ગુરુભગવંતોના લેખો, જૈન ધર્મમાં તત્ત્વજ્ઞાનના લેખો, વિદ્વાન ભાઈઓ તથા બહેનો તરફથી આવેલા લેખો, જૈન સાહિત્ય અને ઈતિહાસના લેખો, ભક્તિ અંગેના લેખો તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલ પ.પૂ. ગુરુભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલ ધાર્મિક કાર્યો, આરાધનાઓ. ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા નજર કરીએ :

શ્રી જૈન આત્મનંદ સભા જૈન સાહિત્ય તેમ જ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ.પૂ, વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ "શ્રી દ્વાદ્‌શર નયચક્રમ"ના ત્રણ ભાગોનું આપણી સભાએ પ્રકાશન કરેલ છે. જેની પરદેશમાં જાપાન, જર્મની, ઓસ્ટ્રીયા, અમેરિકા વિગેરે દેશોમાં ઘણી માગ છે; તેનો પહેલો ભાગ પુનઃ મુદ્રણ (રી–પ્રીન્ટ) કરાવવાનું કાર્ય ચાલી રહ્યુ છે જે પૂર્ણ થવા આવેલ છે અને જેનું વિમોચન આ શતાબ્દી વર્ષમાં કરવામાં આવશે, આ પુનઃમુદ્રણ (રી–પ્રીન્ટ) ના કાર્ય માટે પ.પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી જાપાનના એક ડોકટર સાહેબે આપણી સંસ્થાને સારી એવી આર્થિક સહાય કરેલ છે. સંવત ૨૦૦૮ની સાલમાં આપણી સભાએ શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) પ્રકાશન કરેલ તેની ગુજરાતી આવૃત્તિનું પ્રકાશન કાર્ય પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી નયપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ચાલી રહ્યું છે. જે પૂર્ણ થવા ઉપર છે, તેમ જ તેની હિન્દી આવૃત્તિનું પ્રકાશન પ.પૂ. ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ચાલી રહ્યું છે. ગત આસો માસના "શારદા પૂજન વિધિ" પુસ્તિકાનું પ્રકાશન સંસ્થાએ કરેલ છે. જે જૈન વિધિ અનુસાર ચોપડા પૂજન અર્થે ઘણું જ ઉપયોગી પુરવાર થયેલ છે.

આ સભા પોતાની જ માલિકીના મકાનમાં "જાહેર શ્રી વાંચનાલય" ચલાવે છે. સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમ જ મુંબઈના દૈનિક વર્તમાન પત્રો તથા વ્યાપારને લગતા અઠવાડીક અંકો પણ વંચાણે મુકવામાં આવે છે જેનો ઘણા ભાઈઓ સારો લાભ લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભા સારી લાઈબ્રેરી પણ ચલાવે છે જેની અંદર પ્રતો, જૈન ધર્મના પુસ્તકો, સંસ્કૃત, પ્રકૃત પુસ્તકો, વ્યાકરણના પુસ્તકો, અંગ્રેજી, ગુજરાતી. હિન્દી પુસ્તકો તેમ જ નોવેલોનો સમાવેશ થયેલ છે. આ પુસ્તકોનો લાભ પ પૂ. ગુરુભગવંતો અને સાધ્વીજી મહારાજ સાહેબો ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનાભ્યાસ તેમ જ વ્યાખ્યાન સમયે પ્રવચન અર્થે સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જૈન તેમ જ જૈનેતર ભાઇઓ–બહેનો પણ સારા પ્રમાણમાં આ લાઇબ્રેરીનો ઉપયોગ કરે છે.

## ધાર્મિક પ્રવૃત્તિઓ :–

૧, સંવત ૨૦૫૨ના પોષ વદ ૨ ને રવિવાર તા. ૭–૧–'૯૬ના રોજ ઘોઘા મુકામે શ્રી નવખંડા પાર્શ્વનાથજીનો યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો. ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાના રંગમંડપમાં સભા તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સંગીતકાર મંડળી સાથે ભવ્ય રાગરાગણીપૂર્વક ભણાવવમાં આવી હતી. ઘણી જ સારી સંખ્યામાં સભાના સભ્યો તેમ જ મહેમાનો આ યાત્રા પ્રવાસમાં જોડાયા હતા. સવારે તથા બપોરે ગુરુભક્તિ તથા સ્વામિભક્તિ રાખવામાં આતી હતી.

૨. સંવત ૨૦૫૨ના ચૈત્ર સુદ ૫ ને રવિવાર તા. ૨૪–૩–'૯૬ના રોજ પાલીતાણા મુકામે સભ્યશ્રીઓનો એક યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો, ત્યાં શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર પૂજા તેમજ સમુહમાં ચૈત્યવંદન કરવામાં આવેલ તેમ જ નીચે શ્રી તખતગઢ જૈન ધર્મશાળામાં ગુરુભક્તિ તેમ જ સ્વામિભક્તિ રાખવામાં આવેલ. સારી સંખ્યામાં સભ્ય ભઈ–બહેનો જોડાયા હતા.

૩. આ શતાબ્દી વર્ષ નિમિત્તે સભાના સભ્યશ્રીઓનો બે દિવસનો ફરતી યાત્રાનો પ્રવાસ તા. ૩–૮–'૯૬ તથા તા. ૪–૮–'૯૬ના રોજ રાખવામાં આવેલ હતો. ભાવનગરથી લકઝરી બસમાં નીકળી પ્રથમ ખંભાત તીર્થે પહોંચ્યા હતા. ત્યાં સેવા, પૂજા, દર્શન ભકિત આદિનો અમૂલ્ય લ્હાવો લઇ કલિકુંડ, થલતેજ, થઇ કોબા પહોંચ્યા હતા. ત્યાં રાત્રિ રોકાણ કરી વહેલી સવારે સેવા, પૂજા, દર્શન, ભકિત આદિનો અમૂલ્ય લ્હાવો લઇ અમદાવાદ–પાલડી–સ્થિત શ્રી જૈન સોસાયટીમાં ચાતુર્માસ બિરાજમાન વિદ્વાન આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબને વંદન કરેલ, તેમ જ શ્રી જૈન આત્માનંદ સભાના શતાબ્દી વર્ષની ઉજવણી અંગે માર્ગદર્શન મેળવેલ. સભાના હોદ્દેદારશ્રીઓએ પૂજ્યશ્રીને ભાવનગર પધારવા આગ્રહભરી વિનંતી કરેલ. પૂજ્યશ્રીએ જણાવેલ કે મારી અનુકૂળતા મુજબ હું તમોને લખી જણાવીશ અને શ્રી જૈન આત્માનંદ સભા જે ૧૦૦ માં વર્ષમાં પ્રવેશ કરી જૈન સાશનની અને જૈન સમાજની અમૂલ્ય સેવા બજાવી રહ્યું છે તે સંસ્થા જ્ઞાનના આ અમૂલ્ય સદ્‌કાર્યોની સુવાસ વધુને વધુ ફેલાવતુ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવેલ.

## અન્ય પ્રવૃત્તિઓ :–

૧. સં. ૨૦૫૨ ના કારતક સુદ એકમના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગલમય પ્રભાતે સભાનું સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું હતું. અને કેસરી દૂધની પાર્ટી રાખવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. સં. ૨૦૫૨ ના કારતક સુદ ૫ ના રોજ જ્ઞાનપંચમીના સુઅવસરે સભાના લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવેલ. જ્ઞાનના દર્શને સવારના ૬ વાગ્યાથી પ.પૂ. આચાર્ય ભગવંતો પ.પૂ. મુનિભગવંતો તથા પ.પૂ સાધ્વીજી મહારાજ સાહેબો દર્શનાર્થે પધારેલ અને દર્શનનો લાભ લીધો હતો. ખૂબ જ સારી સંખ્યામાં ભાઈઓ–બહેનો તથા નાના બાળકોએ પણ દર્શનનો અને જ્ઞાનપૂજાનો ઉત્સાહ પૂર્વક લાભ લીધો હતો.

૩. આપણી સભાના શતાબ્દી વર્ષની શાનદાર ઉજવણી નિમિત્તે તા. ૫–૮–૯૬ના રોજ ન્યુ. એસ.એસ.સી. પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઇ–બહેનોને ઇનામ અપર્ણ કરવાનો એક સમારંભ યોજવામાં આવેલ હતો. આ વરસ શતાબ્દી વર્ષ હોઈને વધારે રકમના ઇનામો આપવામાં આવેલા. ૩૧ ભાઇ–બહેનોને ઇનામો આપવામાં આવેલ. આ ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરતાં સાધર્મિક વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ટર્મ–ફી આપવામાં આવેલ. જેમાં ૨૨ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવેલ.
સભા દ્વારા પ્રકાશિત કરેલા ગ્રંથોનું સભા વેચાણ કરે છે તથા પ.પૂ. મહારાજ સાહેબો, પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો તથા જ્ઞાનભંડારોને ભેટ પણ આપે છે.

પ.પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે આપણી સભામાં હોદ્દેદારશ્રીઓની વિનંતીને માન આપી આપણી સભાની મુલાકાત લીધી હતી. તેઓશ્રીએ કહ્યું કે વર્તમાન સમયમાં જ્ઞાનમંદિરો આત્માના વિશ્રામ સ્થાનો છે અને જ્ઞાનનો સાચો માર્ગ બતાવતા મિત્રો છે. એમાં સંગ્રહાયેલા મહાત્મા પુરૂષો અને જ્યોતિર્ધરોના અમૃતતુલ્ય વચનો જીવનને નવી નવી પ્રેરણાઓ આપી મનુષ્યનું ઘડતર કરે છે. એ જ્ઞાનના દીવડાઓ આત્માના પ્રકાશના કિરણો પ્રગટાવે છે. આવું કાર્ય સતત્ એકસો વર્ષથી ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભા કરી રહી છે. અત્યાર સુધીમાં અનેક પ્રાચીન ગ્રંથો પ્રગટ કરીને સંસ્થાએ માનવજીવનને અજવાળવાનો અને જૈન શાસનનું ગૌરવ વધારવાનો પ્રયાસ કરેલ છે અને ભવિષ્યમાં આવો વિશેષ પ્રયાસ કરવાની ઉમેદ ધરાવે છે. તેઓશ્રીએ પ્રમુખશ્રી પ્રમોદકાંતભાઇ તથા સભાના હોદ્દેદારશ્રીઓ શ્રી ચીમનભાઇ શેઠ, શ્રી હિંમતભાઇ મોતીવાળા, શ્રી દિવ્યકાંતભાઈ સલોત, શ્રી ચીમનભાઈ શાહ, શ્રી કાંતિભાઈ સલોત વિગેરેને અમૂલ્ય ગ્રંથોની જાળવણી અંગે યોગ્ય સૂચનો કરી સમગ્ર જૈન સમાજને શ્રી જૈન આત્માનંદ સભાની લાઈબ્રેરીનો લાભ લેવા જણાવી સંસ્થાના શતાબ્દી વર્ષની ઉજવણી અંગે અંતરના આશીર્વાદ આપેલા.

તા. ૨૩–૯–૧૯૯૬ના રોજ પ્રખર વિદ્વાન ડૉ. મધુસુદન એ. ઢાંકા (ડાયરેકટર અમેરિકન ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડિયન સ્ટડીટ–બનારસ) તથા અમદાવાદની શારદાબેન ચીમનભાઇ એજ્યુકેશનલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટના ડાયરેકટર શ્રી જિતેન્દ્રભાઇ બી. શાહે સભાની મુલાકાત લીધી હતી અને હસ્તલિખીત પ્રતોનો ભંડાર તથા તેની જાળવણી અંગે ઘણી જ ખૂશી વ્યક્ત કરી હતી અને તે અંગેના યોગ્ય સૂચનો કર્યા હતા

શ્રી વિનોદભાઈ કપાસી, પ્રેસીડન્ટ મહાવીર ફાઉન્ડેશન કેન્ટીન (યુ.કે.) એ આપણી સંસ્થાની મુલાકાત લીધી હતી અને સંસ્થાની લાઈબ્રેરી તથા હસ્તલિખીત પ્રતોના ભંડારનું બારીક નિરીક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું હતું અને અમૂલ્ય ગ્રંથોની સાચવણી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને સભાના હોદ્દેદાર શ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમણે શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) ની ઇગ્લીસ આવૃત્તિનું પ્રકાશન કરવા પણ જણાવેલ અને તે પુસ્તકનું સારું એવું વેચાણ ત્યાં પણ થઇ શકશે તેમ જણાવેલ.

સંવત ૨૦૫૨ની સાલમાં પાંચ પેટ્રનો તથા તેત્રીસ નવા આજીવન સભ્યો થયા છે.

આ સભાની પ્રગતિમાં પ.પૂ. ગુરુભગવંતો, પ.પૂ. સાધ્વીજી મહારાજો, વિદ્વાન લેખકો અને લેખિકાઓ. પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓ વિગેરેએ જે સાથ-સહકાર આપેલ છે તે સર્વેનો ખૂબ જ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેના જીવનને હર્ષ અને ઉલ્લાસ માર્ગ પ્રેરે તેવી પ્રાર્થના અને શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન.

## ☼ આત્મ વંચના ☼

શ્રીમદ્ એકવાર કાવિઠા પધાર્યા હતા.

એક દિવસ ઝવેરશેઠને મેડે શ્રી પ્રાગજીભાઇ નામના એક ભાઇએ શ્રીમદ્‌નો ધર્મબોધ સાંભળીને શ્રીમદ્‌ને કહ્યું :

'ભક્તિ તો ઘણીયે કરવી છે. પણ પેટ ભગવાને આપ્યું છે તે ખાવાનું માગે છે; તો શું કરીએ ? લાચાર છીએ !'

શ્રીમદે પૂછયું :

'તમારા પેટને અમે જવાબ દઇએ તો ?'

એમ કહીને શ્રીમદે ઝવેર શેઠને ભલામણ કરતાં કહ્યું :

'તમો જે ભોજન કરતાં હો, તે એમને બે વખત આપજો ને પાણીની મટકી આપજો અને આ ઉપાશ્રયના મેડા ઉપર બેઠા બેઠા ભક્તિ કરે; પણ શરત એટલી કે નીચે કોઇનો વરઘોડો જતો હોય અથવા બૈરા ગીત ગાતાં જતાં હોય, તો પણ બહાર જોવું નહિ. સંસારની વાતો ન કરવી. કોઈ ભકિત કરવા આવે તો ભલે આવે, પણ બીજી કંઈ વાતચીત કરવી નહિ તેમ જ સાંભળવી નહિ;'

પ્રાગજીભાઈએ સાંભળીને બોલી ઉઠયા: 'એ પ્રમાણે તો અમારાથી રહેવાય નહિ !'

'આ જીવને ભકિત કરવી નથી, એટલે પેટ આગળ ધરે છે. ભકિત કરતાં કોણ ભૂખે મરી ગયો ? જીવ આમ છેતરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્, ચિત્ અને આનંદની પ્રાપ્તિ



: પ્રવચનકાર :
**યુગદ્રષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી**
: અનુવાદક :
**શ્રી કુમારપાળ દેસાઇ**

( હપ્તો ચોથો )

## અનુમાન અને આગમ

નાસ્તિકમાં નાસ્તિક વ્યક્તિને પણ અનુમાન પ્રમાણનો આધાર લેવો પડે છે. નાસ્તિકે પોતાના પરદાદાને જોયા નથી, પરંતુ તે પોતે છે, તેથી તેના પિતા, પિતામહ, પ્રપિતામહ પણ અવશ્ય હોવા જોઇએ, એવા અનુમાન પ્રમાણથી એના પરદાદાને એણે માનવા પડે છે. ક્યાંક રાત્રે વરસાદ પડવાથી જમીન ભીની થઇ ગઈ હોય, પરંતુ નાસ્તિકે વરસાદ વરસતો જોયો ન હોય. સવારમાં એ નાસ્તિક ઘરની બહાર નીકળે અને જમીન ભીની જુએ, તો તરત જ અનુમાન કરશે કે અહીંયા રાત્રે સારા પ્રમાણમાં વરસાદ વરસ્યો હશે, કારણ કે જમીન હજી ય ભીની છે. તો આત્મા જેવા અમૂર્ત અને અતીન્દ્રિય પદાર્થને અનુમાન પ્રમાણથી માનવામાં એને શું વાંધો છે ?

આગમપ્રમાણથી પણ આત્મા સિદ્ધ થાય છે. સર્વજ્ઞ, વીતરાગ મહાપુરુષ આપ્ત કહેવાય છે. તેમના વચન આગમપ્રમાણ કહેવાય છે. આપ્ત પુરુષોનાં વચન શાસ્ત્રોમાં અંકિત છે. તેના પર અવિશ્વાસ રાખવાનું કોઇ કારણ નથી. તેમણે શાસ્ત્રોમાં આત્માનું વર્ણન કર્યું છે.

જો કોઇ નાસ્તિક કહે કે અમે તો આગમ-પ્રમાણને માનતા નથી. તો એમને એમ પૂછવામાં આવે કે તમે લૌકિક વ્યવહારમાં પોતાના પિતા, માતા, મોટાભાઈ વગેરે હિતેચ્છુ વ્યક્તિઓનાં વચનોને પ્રમાણ માનીને ચાલો છો કે નહીં ? અદાલતમાં શાહુકારના ચોપડાંને પ્રમાણ માનવામાં આવે છે, તો તેમને નિઃસ્પૃહ પરમકરુણાશીલ, એકાંતહિતૈષી આપ્ત વીતરાગી છે, પરંતુ સાંભળીને પણ એના સ્વરૂપને જ્ઞાની સિવાય કોઈ જાણી શક્યું નથી."

આવા ગહન આત્મતત્ત્વને મારી બુદ્ધિ અને સંયમ અનુસાર સમજાવવા અને સિદ્ધ કરવા કોશિશ કરું છું.

સર્વપ્રથમ તો "આત્મા નથી" આ કથન જ આત્માને સિદ્ધ કરે છે, જેમ કે એક માણસને અંધકારમાં દોરડું સાપ જેવું લાગે છે. આ પ્રકારની ભ્રાંતિ ત્યારે જ શક્ય બને કે જ્યારે આ જગતમાં સાપનું અસ્તિત્વ હોય. જો દુનિયામાં સાપનું ક્યાંય અસ્તિત્વ જ ન હોત, તો સાપની ભ્રાંતિ થાય કેવી રીતે ? જેણે જળ જોયું છે, તે જ મૃગજળમાં જળની કલ્પના કરી શકે છે. જેણે કદી જળ જોયું જ ન હોય, એવી વ્યક્તિ મૃગજળમાં જળની કલ્પના કેવી રીતે કરી શકે ? એ જ રીતે 'આત્મા નથી' એ કલ્પના પણ ત્યારે જ થઇ શકે, જ્યારે જગતમાં ક્યાંય ને ક્યાંય આત્માનું અસ્તિત્વ હોય. જો આત્માનું અસ્તિત્વ જ ન હોત, એનું નામ જ ક્યાંથી આવેત ? અને તેના નિષેધની આવશ્યકતા શા માટે ઊભી થાત ? પરિણામે આત્માનો નિષેધ જ આત્માના અસ્તિત્વને સિદ્ધ કરે છે.

આત્માના અસ્તિત્વના સ્વીકારનું બીજું કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ છે કે જેટલા સમાસરહિત પદ હોય છે, તેમના વાચ્ય પદાર્થ આ જગતમાં જરૂર હોય છે, પરંતુ જે પદ સમાસયુક્ત હોય છે એના વાચ્ય પદાર્થ કદાચિત્ નથી પણ હોતા.

ઉદાહરણ તરીકે શશશ્રૃંગ કે આકાશપુષ્પ આ બંને પદ સમાસયુક્ત છે. આ સામાસિક પદોના વાચ્ય પદાર્થ કોઈ નથી, પરંતુ જ્યારે એ બંને પદોને અલગ કરવામાં આવે તો તે મળે છે. શશ એટલે સસલું, શ્રૃંગ એટલે શીંગડું. આ બંને જગતમાં જોવા મળે છે. મહાપુરુષો દ્વારા વર્ણવેલાં શાસ્ત્રોને પ્રમાણ માનવામાં શુ વાંધો હોઇ શકે?

એક વૈજ્ઞાનિકને નવી શોધ કરતાં પૂર્વે અગાઉના વૈજ્ઞાનિકોએ સ્થાપેલો સિદ્ધાંત કે પદ્ધતિને પ્રત્યક્ષ ન હોવા છતાં પ્રમાણભૂત માને છે. તો પછી આગમમાં વર્ણવેલાં સિદ્ધાંતો અને વચનોને પ્રમાણભૂત માનવામાં શું વાંધો?

કોઈ એવો સવાલ કરે કે ભૂતકાળમાં કોઈને આત્માની ઉપલબ્ધિ થઈ હતી, એવુ માનવા માટે આધાર શું? એનો ઉત્તર એ છે કે જો કોઈ મહાત્માએ ભૂતકાળમાં આત્માની શોધ ન કરી હોત તો શાસ્ત્રોમાં આત્માનું વર્ણન જ કેવી રીતે આવેત? એ સાચું છે કે વિભિન્ન શાસ્ત્રોમાં આત્મા અને તેના સાક્ષાત્કારનું વર્ણન ભિન્ન ભિન્ન પ્રકારનું મળે છે. પરંતુ આ ભેદ તો વિવરણની બાબતમાં છે મૂળ વસ્તુ એવા આત્માની સત્તાના વિષયમાં તો કોઇ બે મત નથી. આથી સ્પષ્ટ છે કે વિભિન્ન શાસ્ત્ર આત્માના અસ્તિત્ત્વને સ્વીકારે છે ને તેની અનુભૂતિનું પણ વર્ણન કરે છે. આમ આગમપ્રમાણથી આત્માનું અસ્તિત્ત્વ સિદ્ધ થાય છે.

## સત્, ચિત્ અને આનંદ

હવે આપણે આત્માની ઓળખની રીત જોઈએ. કોઇ વસ્તુનાં લક્ષણોથી તેની ઓળખ થાય છે, લક્ષણ એક પ્રકારનો અસાધારણ ધર્મ હોય છે. જે તે વસ્તુ સિવાય બીજી વસ્તુઓમાં હોતો નથી. આત્માનું લક્ષણ શાસ્ત્રમાં બતાવ્યું છે–સત્, ચિત્ અને આનંદ.

સત્નો અર્થ છે – જેનો ત્રણેય કાળમાં નાશ ન થાય. જ્યારે જ્યારે જોઈએ ત્યારે તેનું એનું એ જ સ્વરૂપ દેખાય, તેમાં કશો વધારો ઘટાડો ન થાય, તે સત્ છે. આત્મા સત્ એટલે કે સ્વરૂપની દૃષ્ટિએ હંમેશાં એક સરખો જ હોય છે. તે અવિનાશી છે. આત્મા જેટલા પ્રદેશ (વિસ્તાર) વાળો છે, તેમાંથી એક પણ વિસ્તાર ક્યારેય વધુ કે ઓછો હોતો નથી. તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં સ્વરૂપની દૃષ્ટિએ સમાન રૂપમાં રહે છે.

કોઈ કહે કે બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થાઓ જેવી અવસ્થાઓ દેખાય છે, ત્યારે આત્માના રૂપમાં પણ પરિવર્તન થાય છે, એટલે તે સત્ કેવી રીતે કહેવાય? આનો ઉત્તર એ છે કે આ પરિવર્તનની સૂચક એવી ત્રણ અવસ્થાઓ શરીરની છે, આત્માની નથી. આમ છતાંય કોઈ એમ કહે કે આ પરિવર્તન આત્માનું છે, તો એની શંકાનું સમાધાન એ કે જ્યારે એ વ્યક્ત એમ કહે કે હું બાળક હતો, હું યુવક બન્યો, હું વૃદ્ધ છું, ત્યારે આ ત્રણેય અવસ્થાઓમાં તમે જેને 'હું' કહો છો, તે તો પ્રત્યક્ષ છે. જો આત્મા બદલાતો રહ્યો હોત તો ત્રણેય અવસ્થાઓમાં તેને આ પરિવર્તનની જાણ જ ન થાત. પરિણામે સ્પષ્ટ થાય છે કે આ ત્રણે અવસ્થાઓમાં 'હું' બદલાયો નથી. પરંતુ તેણે ત્રણેય અવસ્થાઓમાં ઉપસ્થિત રહીને પરિવર્તન નિહાળ્યું છે, તેથી જ સ્વયં બદલાતો નથી. પરંતુ શરીરમાં આવતી અવસ્થાઓના પરિવર્તનનો અનુભવ કરે છે. તે આત્મા છે.

આત્મા એક દેહનો ત્યાગ કરીને બીજા દેહમાં જાય છે, એક યોનિમાથી બીજી યોનિમાં ગમન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે તેમ છતાં તેનુ મૂળ સ્વરૂપ બદલાતું નથી, તેના વિસ્તારની સંખ્યા એટલીને એટલી જ રહે છે. દેહ બદલાય, પણ આત્મા નહીં આથી આત્મા શબ્દની વ્યુત્પત્તિ આવી કરી છે.

"अतति सततं गच्छतीति आत्मा"

"જે નિરંતર પોતાના સ્વરૂપમાં ગમન કરતો રહે છે તે આત્મા છે."

આત્માનો વૈભાવિક - ઉપાધિજન્ય ગુણ બદલાય છે, કિંતુ આત્માના સ્વાભાવિક ગુણ બદલાતા નથી.

આત્માનું બીજું રૂપ ચિત્ છે, ચિત્ દ્વારા આત્માના અસાધારણ રૂપની જાણ થાય છે. જે સ્વયં પ્રકાશમાન છે. તેને પ્રકાશિત કરવા માટે બીજા કોઈની સહાયતાની આવશ્યકતા નથી. આત્મા સૂર્યથી પણ અધિક પ્રકાશમાન છે. ઉત્કૃષ્ટ સાધના કરનારા આ રહસ્યને પામી શકે છે.

સૂર્યને આત્મા જોઇ શકે છે, પરંતુ સૂર્ય આત્માને નથી જોઈ શકતો. વાસ્તવમાં નેત્રોમાં જોવાની શક્તિ નથી, તે શક્તિ તો આત્માની છે. જ્યારે નેત્ર તો કારણ માત્ર છે ચિત્ (જ્ઞાન) આત્મા સિવાય કોઈ પદાર્થમાં હોતું નથી.

ત્રીજું રૂપ છે આનંદ. જેમાં દેશ, કાળ અને વસ્તુથી બાધા ન થતી હોય, જે અનુકૂળ-સંવેદન-રૂપ હોય, તે આનંદ છે. આમ તો ઇંદ્રિયોથી આનંદનો ખ્યાલ આવે છે, પરંતુ પૂર્ણ આનંદ તો ઈંદ્રિયોથી પર છે. મીઠાઈ ખાનારો એમ કહે કે મીઠાઈમાં ભારે આનંદ છે, તો પછી માંદગીમાં કેમ મીઠાઈ ખાવામાં આનંદ આવતો નથી? તેથી સ્પષ્ટ છે કે આનંદ મીઠાઈમાં નહીં આત્મામાં છે. પાપકર્મોનાં કારણે આત્મા પર આવરણ આવી જાય છે. પાપકર્મો દૂર થવાથી આત્મા સાચા આનંદનો અનુભવ કરી શકે છે.

આમ સત્, ચિત્ અને આનંદ એ ત્રણ આત્માના અસાધારણ ધર્મ છે. આ અસાધારણ ધર્મો પરથી ધર્મી આત્માની ઓળખ કરી શકાય છે.

આત્માનો વિચાર અત્યંત ગહન છે. આત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતાં તે પોતાની શક્તિઓના ખજાનાને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ ખેડે છે, તમે પણ આત્માના સચ્ચિદાનંદ સ્વરૂપને સમજીને તેની સાધના કરશો તો તમારા જીવનને પરમાત્માની નિકટ લઈ જઈ શકશો.

સ્થળ : ગોડીજીનો ઉપાશ્રય પાયધુની, મુંબઇ.
સમય : વિ. સં. ૨૦૦૬ શ્રાવણ સુદી ૪, શનિવાર.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા**

## જ્ઞાનપંચમી મહોત્સવની ઉજવણી

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા ચાલતાં શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સંવત ૨૦૫૩ના કારતક શુદ ૫ શુક્રવાર તા. ૧૫-૧૧-૯૫ના રોજ સભાના વિશાળ લાયબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી સભાના સ્ટાફ તથા અન્ય ભાવિક ભાઇઓ દ્વારા ભારે જહેમત પૂર્વક કરવામાં આવી હતી.

સવારના ૭ વાગ્યાથી રાત્રિના નવ દરમ્યાન અનેક-સાધુ-સાધ્વીજી ભગવંતો, સકળ શ્રીસંઘન, શ્રાવક-શ્રાવિકા ભાઇ-બહેનો તથા નાના ભુલકાએએ હોંશપૂર્વક દર્શન-વંદનનો લાભ લીધો હતો.

ઘણા બાળકોએ કાગળ-કલમ આદિ સાથે લાવી જ્ઞાનની પૂજા ભક્તિભાવપૂર્વક કરી હતી.

સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી, દર્શનાર્થીઓનો વિશાળ સમુહ પ્રવાહ અવિરત આવતો જોઇ ટ્રસ્ટીગણે ઊંડી આનંદની લાગણી વ્યક્ત કરી હતી

લિ. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ✡ ઔષધો જ્યાં હારે છે, આસ્થા ત્યાં વિજયી બને છે! ✡

આ દુનિયામાં ઓસડ કે ઔષધિ જ મોટી ચીજ નથી, મોટી જો કોઇ ચીજ હોય, તો એ આસ્થા છે! જેના અંતરમાં આસ્થા હોય, એના માટે પાણી પણ અમૃત જેવું કામ કરતું હોય છે, અને આસ્થાવિહોણા આદમીને માટે અમૃત પણ પાણી જેટલુંય કામ આપતું નથી. માટે એમ કહી શકાય કે, ઔષધિઓમાં પરમ ઔષધિ આસ્થા છે! વૈદોમાં વૈદરાજ વિશ્વાસ છે અને દવાઓમાં રામબાણ દવા શ્રદ્ધા છે. જેની પાસે આ ત્રણની મૂડી છે, એ કેન્સર જેવી વ્યાધિમાંથીય ફરી બેઠો થઈને નીરોગી બની શકે છે. આ ત્રણનો જેની પાસે અભાવ છે, એને શરદી જેવો રોગ પણ સ્મશાનમાં પહોંચતો કરવા માટે પૂરતો છે! આવી આસ્થા અને શ્રદ્ધા જો વળી યંત્ર–મંત્ર અને તંત્રના અધિરાજ સમા મહામંત્ર-નમસ્કાર પર હોય, તો તો એવા રોગીનો દેહ-રોગની સાથે ભવરોગ પણ નાબુદ થતાં બેડો પાર થયા વિના નથી રહેતો.

અહીં રજૂ થતી આ એક સત્યઘટનાના વાચન પછી ઉપર મુજબના ઉદ્‌ગાર હૈય.માં ઘુમરાયા વિના નહિ જ રહે! વધારામાં એમ પણ થશે કે, મહામંત્ર પાસે ભૌતિક–દુઃખો દૂર કરવાની ભીખ માંગવી, એ તો રીઝેલા ચક્રવર્તી પાસે પોતાનું ચપ્પણિયું એંઠવાડથી ભરવાની માંગણી મૂકવા જેવી મૂર્ખતા છે! રીઝેલો ચક્રવર્તી તો ભિખારીની આખી ઝુંપડીને સોનાથી ભરી દેવા સમર્થ છે, એની પાસે વળી ચપ્પણિયાને એંઠવાડથી ભરવા જેવી સાવ તુચ્છ માગણી મૂકાય ખરી? એમ મહામંત્રનો પ્રભાવ તો, જેમાંથી તમામ રોગો–દુઃખો ઉપાધિઓ અને સંતાપો સતત પેદા થતા રહે છે. એ ભવરોગને મૂળથી જ ઉખેડી દેવા સમર્થ છે, એથી એની આગળ વળી દેહના જ સામાન્ય દુઃખો-રોગો દૂર કરવાના જ રોદણાં રોવાની પાગલતા કરાય ખરી? આ સત્ય ઘટનાનો સંબંધ રતનચંદ હેમચંદ નામની એક વ્યકિત સાથે સંકળાયેલો છે.

સને ૧૯૫૦નો આ બનાવ છે. ત્યારે કોઇ ગોઝારી પળે રતનચંદ હેમચંદના ગળા પર એક ગાંઠે દેખા દીધી. થોડા જ વખતમાં એ ગાંઠના નિદાન તરીકે 'કેન્સર'નું દર્દ જાહેર થયું. કેન્સર એટલે કેન્સલ! રતનચંદના મોતિયા મરી ગયા. એમને ધોળે દિવસે તારા દેખાવા માંડયા. જીવનમાં ધર્મની જેણે આરાધના–રક્ષા કરી હોય, એને જ રક્ષવા આવી આપત્તિમાં ધર્મ હાજર થાય! રતનચંદના જીવનમાં 'ધર્મ–શ્રદ્ધા'ના નામે મોટું મીંડું હતું. એથી એમની દોટ દવાઓ અને દવાખાનાઓ તરફ મંડાઈ; પણ જેમ દવાઓ લેવાતી ગઇ, એમ કેન્સરની ગાંઠ વધુ ને વધુ વકરવા માંડી.

ભારતના ખ્યાતનામ બધા સર્જનોની મુલાકાતનું પરિણામ પણ જ્યારે સાવ શૂન્યમાં આવ્યું, ત્યારે રતનચંદની જીજીવિષા છેક અમેરિકા સુધી લંબાઈ અને ત્યાં પહોંચી એમણે કેન્સર અંગેના અનેક ઉપચારો કર્યા. આ ઉપચારો પાછળ નવ-લાખ રૂપિયા જેવી જંગી–રકમને પાણીની જેમ વેર્યા પછી પણ જે ફલશ્રુતિ આવી, એ જોઇને જીવવાની તમામ આશા મૂકી દઈને રતનચંદ પુનઃ મુંબઈ આવ્યા.

મુંબઈના આગમન કોઇ અજબ ઘડી આવી અને શરણદાતા તત્ત્વ તરીકે મહામંત્ર ઉપર રતનચંદની નજર કંઇક સ્થિર થઇ. આજ સુધી નવકાર તો ઘણા ગણ્યા હતા, નવકારના મહિમા અંગે આજ સુધી સાંભળ્યું પણ ઘણું ઘણું હતું, પણ એમાં શ્રદ્ધા-વિશ્વાસનો જે ભાવ આજ સુધી નહોતો ભળ્યો, એ આ ઘડીએ ભળ્યો અને એઓ વિચારી રહ્યા કે આ દવાઓને દરિયામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેંકી દઇને, હવે મહામંત્રનાં ખોળે જીવન ધરી દઇને શાંતિ-સમાધિથી મરવું શું ખોટું ? જીવનમાં જે શાંતિ-સમાધિ સ્વપ્ને પણ જોઈ ન હતી, એને મૃત્યુ ટાણે મેળવી લેવા એઓ મરજીવા બનીને મેદાનમાં પડયા.

સને ૧૯૫૦નો ફેબ્રુઆરી ૨૫નો દિવસ જાણે મોતનો સંદેશ લઇને ઊગ્યો હોય, એમ સૌને લાગવા માંડયું. રતનચંદનો ગળાનો ભાગ ફુલીને એટલો સ્થૂલ થઈ ગયો કે પાણીનું ટીપુંય અંદર જાય નહિ અને તરસ તો એવી ઉગ્ર બની કે, જાણે આખું સરોવર ગટગટાવી જવા એ તૃષા ઝાંવા નાખી રહી ! મુંબઇના જાણીતા કેન્સર નિષ્ણાત ડો. ભરુચાને આ ચિહ્ન અંતિમ-ઘડીના જણાતાં, એમણે એનો સંદેશો નજીકના સગાઓને આપી દીધો. રતનચંદનેય એ સંદેશાનો અણસાર આવી ગયો. ડોકટર વિદાય થયા અને એમણે ઘટસ્ફોટ કરતાં કહ્યું :

'આ દવાઓ બધી દરિયામાં નાખી આવો ! મારા મોઢા પર લાદવામાં આવેલી આ બધી પાઇપ-લાઈનો (નળીઓ) ઉખેડીને ઉકરડે ફેંકી દો ! દવાની એક ખાલી બોટલ પણ આ રૂમમાં હવે જોઇએ નહિ. આજ સુધી શાંતિ-સમાધિથી જીવન જીવવામાં તો હું અસફળ રહ્યો, પણ મારે હવે આ અસફળતાની આંધીમાં અટવાઇને જ મૃત્યુને પણ બગાડવું નથી. મારી ઇચ્છા એવી છે કે, મહામંત્રના ખોળે આ જીવનનું સમર્પણ કરી દઇને હવે શાંતિથી મરવું ! હું હવે ઘડી બે ઘડીનો મહેમાન છું. એથી આ રૂમમાં હવે મારી અંતિમ-સાધનામાં વિક્ષેપ પાડવા કોઇ ફરકે પણ નહિ. એવી મારી ઇચ્છા છે. સાંભળ્યું છે કે નવકારની નિષ્ઠાનું જે રક્ષણ કરે છે, એ નવકાર-નિષ્ઠાનું રક્ષણ પણ કોઇ અગમ્ય-તત્ત્વ જ છે ! હવે કદાચ આ શૈયા મારી અંતિમ-શૈયા પણ બની જાય, તો અત્યારથી જ સૌને 'ખામેમિ સવ્વજીવે' અને 'મિત્તિ મે સવ્વભૂએસુ'નો સ્નેહ-સંદેશ સુણાવી દઉં છું. જો જીવી જવાશે, તો પછી આનાથીય વધુ હસતા હૈયે મળીશું. અને મૃત્યુ અનિવાર્ય હશે. તો જ્યારે ઋણાનુબંધ જોડાશે ત્યારે ફરી મળાશે !

રતનચંદનો પરિવાર દર્દીના આ અરમાનને અમલી બનાવીને રૂમની બહાર ચિંચિત-ચહેરે ગોઠવાઇ ગયો. દવાઓના ભૂતપ્રેતથી અને નળીઓની ડાકણોથી મુક્ત બનેલા રતનચંદ કોઈ અલૌકિક-અનુભૂતિ કરી રહ્યા. જીવનનો છેડો સુધારી દેવાનો એમનો નિર્ણય અણનમ અને વીરોચિત હતો, શરીરમાં શક્તિ નહોતી, છતાં મનમાં જાણે મક્કમતાનો મહાસાગર ભરતીએ ચડયો હતો. કોઇ જાતની માગણી કે શરત વિના એઓ નવકારના શરણાગત બની ગયા. 'નમો અરિહંતાણં" અને 'સવત્ર સુખી ભવતુ લોકઃ' આ બે ધ્વનિ જાણે એમના શ્વાસોશ્વાસની સાથે ઘૂંટાવા લાગ્યા. આ બે મંત્રોનો જાપ જેમ જેમ આગળ વધવા માંડયો, એમ એમ એ દર્દીની આસપાસ કોઈ અનેરી શાંતિ છવાતી ચાલી. જે દેહ પથારીમાં પણ આરામ માણી શકતો નહોતો, એ દેહ આ જાપની પળોમાં ટટ્ટાર રહેવા છતાં વેદનાના વેગને ઓછો થતાં અનુભવવા માંડયો.

મહામંત્રના ચરણે-શરણે રતનચંદે એ રીતે શરણાગતિ સ્વીકારી હતી કે, જેમાં સ્થળ-કાળના ભેદ પણ ભૂસાતા જતા હતા. જાપમાંને જાપમાં સાંજ વીતી ગઇ તેમજ રાતનો પણ અડધો ભાગ પસાર થઇ ગયો. અને દર્દીના દેહનો બધો રોગ જાણે એકઠો થઈને બહાર નીકળી જવા ઝાંવા નાખી રહ્યો હોય, એની પ્રતીતિ કરાવતી એક એવી જ જોરદાર લોહીની ઊલટી થઇ કે, રતનચંદ એ ઊલટી થયા પછી કોઇ જૂદી રાહત અનુભવવા માંડયા, એ ઊલટીમાં જાણે કાયાનું તમામ કેન્સર ધોવાઈને બહાર નીકળી ગયું હોય, એમ એમને લાગ્યું.

વહેલી સવારે રૂમનું બારણું રતનચંદે ખોલ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે બહાર તો ચિંતિત ચહેરાઓની લાઈન લાગી હતી. એમણે રાતે અનુભવેલા રાહતની વાત કરીને થોડા કલાક બાદ કહ્યું કે, મને એમ લાગે છે કે, જે ગળું પાણીનું ટીપું ઉતારવાય તૈયાર ન હતું, એ હવે ગરમ દૂધ ઉતારવા માની જશે !

દૂધનો ગ્લાસ હાજર થયો. મહિનાઓ પછી આજે રતનચંદ ગરમ-દૂધનો એ ગ્લાસ ગટગટાવી ગયા સૌ આશ્ચર્ય અનુભવી રહ્યા, સ્મશાનના દરવાજેથી આ રીતે જીવનના યૌવન-કાળમાં પ્રવેશતા દર્દીને જોઈને સૌ કોઇ મહામંત્રની અગમ્ય-શક્તિને ભક્તિથી પ્રણામ કરી રહ્યા.

દવા-દારૂને દેશવટો આપીને આસ્થાના આધારે-આધારે મહામંત્રના જાપમાં કલાકોના કલાકો સુધી ખોવાઈ જતા રતનચંદને જે મસ્તીનો અનુભવ થતો, એ એમનેય અવર્ણનીય-કોટિનો જણાતો, 'નમો અરિહંતાણ' અને 'સર્વત્ર સુખી ભવતુ લોકઃ' નો એ જાપ થોડા દિવસ ચાલ્યો અને રતનચંદના દેહમાં, કેન્સરની કોઈ અસર સમ ખાવા પૂરતીય ન રહી. પછી તો ફ્રૂટ ઉપરાત અનાજ પણ કેન્સર-ગ્રસ્ત એ ગળામાંથી નીચે ઉતરવા માંડયું. જે ૨૪ ફેબ્રુઆરીને ડોકટરોએ જીવનની છેલ્લી તારીખ બતાવી હતી, એ તારીખથી બરાબર બે મહિના બાદ રતનચંદ જ્યારે ચાલીને ડૉ. ભરુચા પાસે પહોંચ્યા, ત્યારે એકવાર તો ડોકટરને લાગ્યું કે; આ શું ! રતનચંદનું પ્રેતાવિષ્ટ શરીર તો મારી સામે હાજર નથી થયું ને ? એમણે એકાએક દરદીને કહ્યું : મારા માટે આ પહેલો જ અનુભવ છે કે આ રીતે કોઈ દર્દી છેક સ્મશાનને ઘાટે જઈને અને યમરાજને હાથતાળી આપીને છટકી ગયો હોય ! તમને કઈ દવા લાગુ પડી ગઈ ? નામ તો જણાવો. જેથી કેન્સર અંગે થઈ રહેલાં સંશોધનો સફળ બની શકે ?

રતનચંદે કહ્યું : અગમ્ય-શક્તિનો આ પરચો છે. રોગને મારી હઠાવવા જ્યારે ઔષધિઓથી ભર્યો ભર્યો હિમાલય હતાશ હૈયે હાર સ્વીકારે છે, ત્યાં મહામંત્ર પરની આસ્થા આવીને વિજયનું મેદાન મારી જાય છે. ઔષધમાં પણ શક્તિપાત કરવાની મહાશક્તિ જો કોઇની પાસે હોય, તો એ આસ્થા પાસે છે. આવી આસ્થાની આરાધનાએ જ મને જીવન-મરણના જંગમાં જંગી વિજય અપાવ્યો છે. અઢાર લાખથી વધુ સંપત્તિ અને વર્ષોના જેટલો સમય પણ મારા કેન્સરને નાબુદ કરવાની વાત તો દૂર રહી, પરંતુ આગળ વધતું અટકાવી પણ ન શકયા; ત્યાં પાઈ પણ ખરચ્યા વિના એક રાતમાં જો હું રોગ મુકત થયો હોઉં; તો એ પ્રભાવ અમારા નવકાર મંત્રનો અને મેં કરેલી આસ્થાપૂર્વકની એની આરાધનાનો છે.

દવા અને દવાખાનાની દુનિયાને લગતી આબોહવામાં જ શ્વાસ લેનારા ડોક્ટરને માટે તો આ બધી વાતો નવી જ નહિ, નવાઈભરી પણ લાગતી હતી. અગોચર અપ્રત્યક્ષને શ્રદ્ધાની નજરે ન જોવાની પોતાની તાસીરને આ સત્ય ઘટનાએ ચમચમતો એક તમાચો લગાવી દીધો હતો. આસ્થાની વાત ભલે પરોક્ષ હતી, પણ એનું શુભ પરિણામ તો પ્રત્યક્ષ જ હતું. એથી એનો ઈન્કાર કરવોય શકય નહોતો.

રતનચંદને ડોક્ટરે તપાસ્યાં ત્યારે એમના નખમાંય રોગનું કોઇ ચિહ્ન નજરે ન ચડયું. પોતાની થિયરી સામે પડકાર બનેલી આ સત્ય-ઘટના પર એઓ દિવસો સુધી બુદ્ધિનો સહારો લઇને મનન-મંથન કરી રહ્યા, પણ એનું રહસ્ય મેળવવા એ અસફળ જ રહ્યા ! કારણ કે જ્યાં શ્રદ્ધા-આસ્થાનો આશરો લેવો અનિવાર્ય હતો, ત્યાં ડોકક્ટરોએ તર્ક-બુદ્ધિની સહાયતા સ્વીકારી હતી !

**નોંધ** :– જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ? પુસ્તકમાંથી સાભાર.

For Private And Personal Use Only

# સાચા હોય તે સહુને અજવાળે

## [ સંગ્રામ સોની ]

પૂ. મુનિશ્રી રાજરત્નવિજયજી મ. સા.

પ્રમાણિકતા જીવનની શ્રેષ્ઠ નીતિ છે એમ કહેવું જેટલું આસાન છે. એટલું જ મુશ્કેલ કારમી કસોટીની પળે એને આચરણમાં ઉતારી બતાવવાનું છે. જીવનનો ભય માથે ઝળુંબતો હોય ત્યારે ભલભલા ઠેકેદારો ય સચ્ચાઇ સાથે બાંધછોડ કરી લેતા હોય છે, પ્રાણ કોને પ્રિય ન હોય ભલા ?

પણ સંગ્રામ સોની સંસારના આવા સગવડિયા ઠેકેદારો કરતાં નોખી માટીનો માનવી હતો. જૈન ધર્મનો એ એકનિષ્ઠ આરાધક, પણ એની નિષ્ઠા ધર્મક્રિયા પૂરતી જ સીમીત ન હતી. જીવનની ક્ષણ એ નિષ્ઠાસભર બનવા પ્રયત્ન કરતા. અપ્રામાણિકતા કે છળ–કપટની ભાષા તો એ કદી ન સમજે.

એની આ નિષ્ઠાની એક વાર બહુ આકરી અગ્નિ-પરીક્ષા થઇ. બન્યું એવું કે કેટલાક દુષ્ટ માનવીએ.એ ધન પડાવવાના ઇરાદે એનું અપહરણ કર્યું. આમ તો સંગ્રામ પણ સિંહ જેવા શૂરવીર હતા. અને અપહરણ મેતો મુઠ્ઠીનાં લેવાનો ખેલ. પેલા દુષ્ટોઆ જાણતા એટલે જ હતા એટલે એમણે છળકપટથી સંગ્રામને બેભાન બનાવીને બંધનગ્રસ્ત કરી દીધો.

સંગ્રામ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે એ એકાંત જનશૂન્ય સ્થાનમાં કેદ હતો. હલી ન શકાય એવા ગાઢ બંધને એનો દેહ બંધાયો હતો. સંગ્રામને વિસ્મય એ વાતનું હતું કે એનો કોઇ શત્રુ તો હતો જ નહિ, છતાં આ બીના બની હતી.” કયા ઇરાદાથી કોણે આ અપહરણ કર્યું હશે ? એ શોધમાં સંગ્રામ ડૂબી ગયો પણ એ પ્રશ્નો નિરૂત્તર જ રહ્યા. એ સ્થળે બીજું કોઇ હતું જ નહી. ભલા પછી પૂછાય કોને ?

થોડા દિવસો વીત્યા અને એ સ્થળે કેટલાક બુકાનીધારીઓ આવ્યા. એ ચૂપચાપ સંગ્રામને બંધન-મુક્ત કરી રહ્યાં. સંગ્રામે પેલાં પ્રશ્નો વારંવાર પૂછ્યા, પણ બધા સાવ મૌન હતા. જાણે જીભ જ ન હોય.” સંગ્રામની આતુરતા વધી ગઇ. એણે નિર્ણય કર્યો કે જ્યાં સુધી મારા પ્રશ્નનો ઉત્તર નહિ આપો ત્યાં સુધી હું અહીંથી મુક્ત નહિ થાઉં. હું સ્વેચ્છાએ કેદ ભોગવીશ.

સંગ્રામની દઢતા સામે પેલા બુકાની ધારીઓ ઝુકી ગયા. એમણે ઉત્તર આપ્યો ‘અમે ધન મેળવવા માટે તમારૂં અપહરણ કર્યું હતું.’

‘તો પછી તમે મને બંધનમુક્ત કેમ કરો છો ?’ સંગ્રામે આશ્ચર્યથી પૂછ્યું.

અમને મો માગ્યું ધન મળી ગયું છે માટે


‘હેં ! કોણે તમને એ આપ્યું ? અને કેટલું આપ્યું ?’

‘તમારા પુત્રોએ. મારી અમાગણી મુજબ પૂરા ચાર

(અનુસંધાન પાના નંબર ૧૫ ઉપર)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# કર્મરાજાની કરામત

**[ગતાંકથી ચાલુ]**

(મહાસતી શારદાબાઈની વ્યાખ્યાનમાળામાંથી)

સંકલન : કાંતિલાલ આર. સલોત



## હવે નીલાનું કોણ ?

સસરા વહુને દીકરીની જેમ રાખે છે. નીલા પણ લાજ મર્યાદામાં રહીને સસરાની સેવા ભક્તિ કરે છે. સમય મળે તેમાં સારૂં વાંચન, ચિંતન કરે છે. આ રીતે દુઃખમાં પણ સુખ માનીને જીવન વિતાવે છે. પણ શેઠને મનમાં એક કીડો કોતરી ખાય છે, હવે હું ઘરડો થયો છું. મારા માટે પણ ક્યારે ગોઝારો દિવસ આવી જશે એ ખબર નથી. મારા મરણ પછી નીલાનું કોણ ? આટલા મોટા આલિશાન બંગલામાં આ સુખ અને વૈભવમાં તે એકલી કેવી રીતે રહી શકશે ? શેઠના મનમાં આ મુંઝવણ છે છતાં કોઈ દિવસ કહેતા નથી. નીલાને પરણીને આવ્યા વર્ષો થયા છતાં નીલાએ નથી મુખ જોયું સસરાનું કે સસરાએ નથી મુખ જોયુ નીલાનું. નીલા તેની મર્યાદામાં રહીને સેવાભક્તિ કરે છે એક દિવસ સસરાથી ન રહેવાયું. તેમણે નીલાને બોલાવીને કહ્યુ. વહુ બેટા ! મારે તમને એક વાત પૂછવી છે. મેં તમને અંતરની વાત કરવા બોલાવ્યા છે. નીલા સફેદ સાડીમાં લાજ કાઢીને સસરાની પાસે આવી. ત્યારે સસરાએ નીલાનું મુખ જોયું. ચાંલ્લા વગરનું કપાળ અને વેદના યુક્ત મુખ જોતા ધરમદાસ શેઠનું દિલ વલોવાઈ ગયુ. શેઠ બેભાન થઈ ગયા. પાણીનો છટકાવ કરતા ભાનમાં આવ્યા ત્યારે બોલ્યા. આવી ફૂલ જેવી કોમળ વહુને આવા દુઃખ ! નાનપણમાં માતા-પિતા ચાલ્યા ગયા. પરણીને સાસરે આવી. સુખની ઘડી આવી ત્યારે તેનો પતિ ચાલ્યો ગયો. શું કર્મરાજા તારા ખેલ છે ! નીલા કહે બાપુજી ! રડશો નહિ, કર્મો કોઈને છોડતા નથી. આપને જે વાત પૂછવી હોય તે પૂછો

## તમારૂ ભાવિ શું ઘડયું છે ?

શેઠ હૈયું કઠણ કરીને બોલ્યા, બેટા ! મને એક મુંઝવણ છે. દુ;ખ છે. જે મુંઝવણ હોય તે ખુલ્લા દિલે કહો. હવે મને ઘડપણ આવ્યું છે. મૃત્યુ ક્યારે ભરખી જશે તેની મને ખબર નથી. મારા મરણ પછી તમારૂં શું થશે ? આટલા મોટા બંગલામાં, તમે એકલા કેવી રીતે રહી શકશો ? તમે તમારી જિંદગીનો વિચાર કર્યો છે ? તે જાણવાની મને અધિરાઈ આવી છે. બાપુજી ! તમને તો હમણાં આ પ્રશ્ન થયો હશે. પણ મેં તો તમારા દીકરા ગુજરી ગયા ત્યારથી નિર્ણય કરી લીધો છે. આ સાંભળતા સસરાના મનમાં અનેક તર્ક-વિતર્કો થવા લાગ્યા હજારો વિચારો આવવા લાગ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રૂપ રૂપના અંબાર, નવ યૌવનાના મનમાં વિચારના તરંગો તો હોય જ ને! બેટા! તમારૂં ભાવિ તમે શું ઘડ્યું છે? તે સંકોચ ન હોય તો મને કહો. પુત્રવધૂનો વિચાર સાંભળવા શેઠ ઉત્સુક બન્યા. એ જવાબમાં આગની ગરમી હશે કે બાગની ઠંડક હશે? એ કલ્પી શકાય તેમ ન હતું.

## મારૂં ભાવિ ભાગવતી દીક્ષા

નીલાએ મકકમ મને કહ્યું. બાપુજી! આપ દીર્ઘાયુષ બનો ને મને આપની સેવાનો લાભ મળે, મારા ભાગ્યમાં જ્યાં સુધી આપની સેવાનો લાભ મળશે ત્યાં સુધી લઇશ જ્યારે આપની સેવાનો લાભ મળવાનું મારૂં સદ્ભાગ્ય નંદવાઇ જશે ત્યારે હું ભાગવતી દીક્ષા અંગિકાર કરીશ. આ શબ્દો સાંભળતા શેઠની છાતી ગજગજ ઉછળવા લાગી. બેટા! તુ ખરેખર કુળદીપક છે! આટલી બધી ખાનદાની તારામાં છે! તું સાચી વિરાંગના છે મને તો આ સંકલ્પ પણ ન્હોતો કે તે તારા જીવન માટે આવું નિર્માણ ઘડ્યુ હશે! ધન્ય છે, બેટા, ધન્ય છે તને! મારા માટે તે તારૂં જીવન સેવામાં અર્પણ કર્યું અને મારા મૃત્યુ બાદ તું સાચી વિરાંગના બનીને જૈન ધર્મની ભાગવતી દીક્ષા અંગિકાર કરીને મારી સાત પેઢીને ઉજ્જવળ કરીશ. મારી સાત પેઢીનું નામ ઉજ્જવળ થવાનું હશે એટલે તમારા લગ્ન મારા દીકરા સાથે થયા. દીકરો તો મૃત્યુ પામ્યો, પણ પેઢીનું નામ રાખવા તમારા જેવા સ્ત્રીરત્નને મૂકતો ગયો. બાપુજી! આપના ઘરમાં આવ્યા પછી મેં જે સંસ્કારો મેળવ્યા છે તેનો આ બધો પ્રતાપ છે! હવે આપ મારી ચિંતા ન કરતા, જીવનના છેલ્લા વર્ષોમાં સુખેથી ધર્મારાધના કરો.

આપણે જીવન કેવુ જીવવું છે? બરબાદ બનાવવું છે કે આબાદ બનાવવું છે? એ આપણા હાથની વાત છે. ભગવાનના સંતો શિલ્પી છે. તેમના ચરણે જીવન અર્પણ કરશું તો જીવનનું સાચુ ઘડતર થશે. એક સારા પ્રસંગે રવિવારના દિવસે બહેન ભાઈના ઘેર જમવા ગઈ. ભાઇને બહેન બહુ વહાલી હતી. ભાઈને ત્યાં સંપત્તિ અઢળક હતી. બેન જમીને ઘેર જવા તૈયાર થાય છે, ત્યારે ભાઇ બહેનને એક નાનકડી પેટી ભેટ આપે છે. બેન ઉભી રહી છે. લેતી નથી. ભાઈ! તારે મને ભેટ આપવી છે? ભાઇના મનમાં થયું કે બેન ખૂબ સુખી છે તેને મારી આ ભેટ ઓછી પડી લાગે છે હું તો તેની આગળ સાવ અલ્પ છું. તેણે પેટીમાં ત્રણ તોલાનો સોનાનો દાગીનો મુકીને પેટી ભેટ આપી છે. બહેન કહે ભાઇ! મારે કંઇ જરૂર નથી બેન.! હું તો ફૂલ નહિ ને ફુલની પાંખડી ભેટ આપુ છું. ભાઈ! જો તારે આપવું છે તો હું માંગુ તે આપ. બહેન જમવા બેઠી ત્યારે તેની આંખમાં આંસુ હતા. તે જમતા રડી હતી અને જમીને ઉઠી ત્યારે પણ રડી ભાઇના મનમાં થયું કે તેને માતા યાદ આવી હશે! અગર હું જે આપુ છું તે ઓછું પડ્યું. લાગે છે. ભાઈ કહે બહેન! તારે જે માંગવું હોય તે માંગ, પણ મારા ઘેર આવી છે તો નિરાશ થઇને રડતી આંખે તને જવા નહિ દઉં. ભાઇ! હું જમવા બેઠી ત્યારે બટેટાનું શાક હતું. હું તને કહુ છું કે બટેટા તો અનંત કાયના જીવો છે. તો તું અનંતકાયના જીવોને અભયદાન આપ. આ બેનના જીવનમાં ધર્મ કેટલો વસ્યો હશે! સોના કરતાં અનંતકાયના જીવોનું અભયદાન વહાલું લાગ્યું, ધર્મનો રંગ બહારથી, ઉપરથી નહિ પણ હાડહાડની મીંજામાં હોવો જોઈએ, બહેને ભાઇને કહ્યું–તું અનંતકાયના જીવોને અભયદાન આપે એ જ માંગુ છું. "સહુ જીવો અને જીવવા દો." જીવ હિંસાથી બચવું હોય તો હોટલના ખાણા–પીણા બંધ કરજે. બેનના કહેવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈએ અનંતકાયના જીવોને અભયદાન આપવાની પ્રતિજ્ઞા કરી. કેટલા પુણ્યના ભાતા બાંધ્યા. ઘરના વડિલો જો આવી પ્રતિજ્ઞા લે તો સ્વાભાવિક રીતે ઘરના બધાને પણ લેવાનું મન થાય.

આનંદ ગાથા પતિના જીવનમાં ઘણા ગુણો હતા તે બુધ્ધિનો ઉપયોગ જયાં ઝઘડો હોય ત્યાં સંપ કરાવવામાં, અશાંત વાતાવરણને શાંત બનાવવામાં, કોઈપણ જાતના પક્ષપાત વગર ન્યાય કરવામાં અને બીજાના દુ:ખ દુર કરવામાં કરતા. હતા. ક્યારે પણ ધનની લાલચે, યશ કીર્તીની લાલચે બુધ્ધિનો અવળો ઉપયોગ કરતા નહોતા આથી વાણિજ્ય ગામમાં તેમનું ખૂબ માન હતું. લોકો તેમની પ્રશંસા કરતા હતા. આવા બુધ્ધિશાળી આનંદ ગાથાપતિ આનંદથી રહે છે.

આપ બધા પણ હવે તપ કરવા જાગૃત બનજો. વીર પ્રભુએ આપેલ બુધ્ધિનો આનંદ ગાથાપતિ જેવા મહાપુરૂષની જેમ સદઉપયોગ કરજો. નીલાએ પોતાના પતિના અવસાન બાદ તરત નિર્ણય કર્યો હતો કે સસરાની સેવા કરવી અને પછી દીક્ષા લેવી તેમ આપ પણ બધા તપ અને સેવા કરવાનો નિર્ણય કરજો. તપનો ભેરીનાદ વાગી રહયો છે. જો જો તમારો રંગ જાયના.

( ક્રમશ: )

(અનુસંધાન પાના નંબર ૧૨નું ચાલુ)

હજાર સોનામહોરો આપી છે.

સંગ્રામ ચમકી ગયો. આટલી બધી સોનામહોરો માત્ર ગણત્રીના સમયમાં જ પોતાના પુત્રો આપી દે, અને એ પણ પોતાને મુક્ત કરવાના બીજા ઉપાયો અજમાવ્યા વિના જ, એ વાતમાં સંગ્રામને ભેદ લાગ્યો. તત્ક્ષણ એણે લુંટારૂઓને કહ્યું.

'તમો હોશિયાર છો. પણ મારા પુત્રો તમારાથી સવાયા હોશિયાર છે. નક્કી સોનામહોરોના નામે ભળતી ચીજ પધરાવી દઈ ને એ રમત રમી ગયા હશે લાવો, એ મારી પાસે.'

સ્તબ્ધ લૂંટારૂઓએ સંગ્રામ પાસે સોનામહોરો ધરી. સંગ્રામે એમને ખાતરી કરાવી દીધી કે એ સોનામહોરોમાં નર્યું પિત્તળ હતું. સંગ્રામની સચ્ચાઇ પર લૂંટારૂઓને માન જન્મ્યુ. ત્યાં તો સંગ્રામે નવો ધડાકો કર્યો.

'જૂઓ, આ રીતે ધન આપવું મને જરાય ન ગમે. મારૂ અપહરણ થાય ને બદલામાં ધન દેવું પડે એ મારા દિલને અવશ્ય ખૂંચે. પણ મારા પુત્રો એમ કરવા સંમત થયા છે તો હવે કરવું જ રહ્યું. છતાં એમાં દગો રમાય તો તો સંગ્રામનું કુળ લાજે. એના કરતા તો હું કેદમાં રહેવાનું પસંદ કરૂં. લાવો કાગળ-કલમ હું જ મારા પુત્રો પર સંદેશ લખી આપું. એ તમને નગદ સોનામહોરો આપે પછી જ મને મુક્ત કરજો...'

લૂંટારૂઓના હૈયા ધબકાર ચૂકી ગયા. સંગ્રામની સંચારપ્રસિદ્ધ સચ્ચાઈ તો એમણેય સાંભળી હતી, પણ એ મોતના મામલામાંય આવી અદ્ભૂત રીતે ઝળહળતી હશે એવી એમને કલ્પના ન હતી.

એ વળતી જ પળે બીજી આંખે અને બીના અંતરે સંગ્રામના ચરણે નમ્યા. સંગ્રામ જેવા સાચ-દિલ માનવીની સંગત એ લૂંટારૂઓના અંતર-આકાશે તે પળે સચ્ચાઈનો સૂરજ ઊગ્યો. એ સુભગ સમયે પેલી પંક્તિની વાત સહુને સાચી લાગી કે :-

"સાચા હોય એ સહુને અજવાળે છે,
ખોટ'ના રૂપને પણ સુશોભિત બનાવે છે;
અત્તર જો કાગળના ફૂલ પર,
તો એ એને ય સુવાસિત બનાવે છે!

સં. શ્રીચંદ-પ લિતાણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર સ્થિત કૃષ્ણનગર જૈન દેરાસરે સૂરિમંત્ર આદિની ભવ્યાતિભવ્ય ઉજવાણી

ભાવનગર જૈન શ્વે મૂ. પૂ. તપાગચ્છ સંઘના અહોભાગ્યે આ વર્ષે શાસનસમ્રાટ સમુદાયના વિદ્વાન આચાર્યો પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસુરીશ્વરજી મ. સા., પૂ. આ શ્રી વિજયકુંદકુંદ-સૂરીશ્વરજી મ. સા., નૂતન આચાર્ય દેવશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ. સા, પૂ. આ. શ્રી વિજય ભદ્રસેનસૂરીશ્વરજી મ સા. આદિ વિશાળ સાધુ-સાધ્વી વૃંદ ભાવનગરના જુદા જુદા સ્થાનોએ બિરાજમાન હતુ.

ભાવનગરના પનોતા પૂત્ર પૂ. આ. શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના સૂરીમંત્ર પંચ પ્રસ્થાનની પૂર્ણાહૂતિ પ્રસંગે કૃષ્ણનગરમાં યોજવામાં આવેલ શ્રી ગૌતમસ્વામી પૂજન, શ્રી કૃષ્ણ-નગર સોસાયટી સ્વામીવાત્સલ્ય, શ્રી પંચ કલ્યાણક પૂજા, સામુહિક ચૈત્યવંદન, શ્રી ભકતામરસ્તોત્ર, શ્રી લબ્ધિતપના તપસ્વીઓ તરફથી પૂજા, કૃષ્ણનગર સોસાયટી સ્વામી વાત્સલ્યનો લાભ લેનાર ગૃહસ્થો તરફથી કુંભ સ્થાપના તેમજ શ્રી લઘુશાંતિ જેવા વિવિધ કાર્યક્રમોનું સુવ્યવસ્થિત આયો-જન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે બોટાદનાં શ્રી મોહનભાઇ માસ્તર, શ્રી અશોકભાઈ, શ્રી અભયભાઈ, શ્રી-ભરતભાઈ, શ્રી જસુભાઈ. શ્રી નટુભાઇ, શ્રી કમલેશભાઇ તથા ભાવનગરના શ્રી લલિતસૂરી મંડળ અને શ્રી વૃધ્ધિચંદ્રજી જૈન સંગીત મંડળોએ પોતાની અમૂલ્ય સેવાઓનો લાભ આપી સર્વ ભાવિકોને ભક્તિરસમાં તરબોળ કરી દિધા હતા.

પૂ. આ શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના તા. ૧૮-૧૧-૯૬ના રોજ ૪૬માં જન્મ દિવસ નિમિત્તે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં પૂજ્યશ્રીના જન્મ-દિન નિમિત્તે અબોલ જીવોને છોડાવવા શ્રી કૃષ્ણનગર જૈન દેરાસરમાં બિરાજમાન વિવિધ પ્રભુજી-ઓની ભવ્ય આંગી સ્પર્ધા, તેમજ ગહુંલી સ્પર્ધા રાખવામાં આવેલ

આ સ્પર્ધામાં અનુક્રમે રંજનબેન, માલતીબેન, મધુરીબેન નીલાબેન, દિપાલીબેન, જલ્પાબેન, દીનાબેન, તથા અન્ય નાની બાલિકાઓ કું. ભવ્યતા સલોત, યશા, હેતલ, દીપેશ. વિગેરે વિજેતાઓ બનેલ.

આ પૂણ્ય પ્રસંગે પૂ. આ. શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ સા. ચતુર્વિધ સંઘ સાથે કૃષ્ણ-નગરના સિધ્ધાર્થ ફલેટમાં રહેતા ભાવનગર શહેરની આપણી સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખશ્રી દિવ્યકાંત મોહનલાલ સલોતના ગ્રહાગણે પધારી માંગલિક પ્રવચન આપેલ.

સમગ્ર કાર્યક્રમોને સફળ બનાવવામાં કૃષ્ણનગર વિભાગના શ્રી દીનુભાઇ, શ્રી વનમાળીભાઈ, શ્રી વસંતભાઈ, શ્રી વિનુભાઇ, શ્રી ચંપકભાઇ ( બડે ) શ્રી ભાસ્કરભાઇ, શ્રી દેવેન્દ્રભાઇ દોશી, શ્રી શશીભાઇ, રૂપાણી સોસાયટી વિભાગના તથા આપણી સંસ્થાના પ્રમુખ શ્રી પ્રમોદકાંતભાઈ શાહ, શ્રી હિંમતભાઇ મોતીવાળા, શ્રી ચીમનભાઇ શેઠ, શ્રી મહિપતભાઇ વકીલ, શ્રી આર. એન. દલાલ, શ્રી વિરેન્દ્રભાઇ, શ્રી ધનુભાઇ, શ્રી જયુભાઈ, શ્રી ચંદુભાઇ, શ્રી વિનુભાઇ પ્લાસ્ટીક, શ્રી મોહન-લાલ જગજીવનદાસ સલોત પરિવાર, શ્રીમતી હીરાલક્ષ્મી રતિલાલ ગીરધરલાલ પરિવાર, શ્રી ભુદર-ભાઈ સવજીભાઇ વોરા પરિવાર તેમજ અંત્રેની પાઠશાળાના બાલક-બાલિકાઓ, શ્રી મહાવીર જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહિલા મંડળ, શ્રી લલિત સૂરી મંડળના ભાઇઓ આદિ વિશાળ કાર્યકરોની પ્રસશંનીય સેવાઓ તથા તન, મન અને ધનના સહયોગથી સારાયે ચાતુર્માસ દરમ્યાનના અનેક સુ અવસરો અનુમોદનીય અને આકર્ષક રીતે ઉજવાયા હતા.

પ્રેરક :- પૂ. આ. શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ. સા. એ સમઢીયાળા પાંજરાપોળને ચેતનવંતી બનાવવા આગ્રહ પૂર્વકઅપીલ કરી હતી.

પૂ. આચાર્યશ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા., પૂ. આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. સા., પૂ. આચાર્યશ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ. સા., પૂ. આચાર્યશ્રી વિજયભદ્રસેનસૂરીશ્વરજી મ. સા. આદિને ભાવનગર સ્થિત શ્રી જૈન આત્માનંદ સભાના હોદ્દેદારશ્રીઓ શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં મળ્યા હતા. જેના સંદર્ભમાં પૂજ્યશ્રીઓએ આ સભા ઉત્તરોત્તર પ્રગતિ સાધી જૈન સમાજનું ગૌરવ વધારે તેવા મંગલ આશીર્વાદ આપેલ.

પૂજ્ય આચાર્ય ભગવંત, સાધુ-સાધ્વીજી મહારાજો આદિ તા. ૨૫-૧૧-'૯૬ના કૃષ્ણનગર જૈન ઉપાશ્રયેથી વિહાર કરેલ છે. આ પ્રસંગે અનેક ભાવિકાઓ હાજરી આપી પૂજ્યશ્રીઓને ભાવભીની વિદાય આપી. ફરી ફરી ભાવનગરની ભૂમિને પાવન કરવા આગ્રહ ભરી વિનંતી કરી હતી.


## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના
## પેટ્રન મેમ્બર તથા આજીવન સભ્યશ્રીઓ જોગ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના પેટ્રન-મેમ્બરો તથા આજીવન સભ્શ્રીઓને નમ્ર વિનંતી કે ઓકટોબર-૯૬ આખરમાં અત્રેથી દરેક પેટ્રન મેમ્બર તથા આજીવન સભ્યશ્રીઓને માહિતી ફોર્મ અને પરિપત્ર રવાના કરેલ છે. જેમાંથી હજુ ઘણા સભ્યશ્રીઓ તરફથી માહિતી ફોર્મ ભરાઈને આવેલ નથી. તો હવે વધુ વિલંબ ન કરતાં આ માહિતી ફોર્મ ભરી સત્વરે મોકલી આપવા કૃપા કરો.

પ્રમુખશ્રી
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

તા. ક. :- ફક્ત પેટ્રન મેમ્બરોએ જ પોતાના પાસપોર્ટ સાઇઝના બ્લેક એન્ડ વ્હાઈટ ફોટા મોકલવાના છે. આજીવન સભ્યશ્રીઓએ ફક્ત માહિતી ફોર્મ ભરીને મોકલવાનું છે. ગ્રા નં. અવશ્ય લખવો. જેની નોંધ લેવા નમ્ર વિનંતી છે.

For Private And Personal Use Only



रागद्वेषादयो दोषा अस्माकं वास्तवा द्विषः ।
तान् निहन्ति महान् वीरः स एव पुरूषोत्तमः ॥

卐

* રાગ દ્વેષ વગેરે દોષો આપણા ખરા દુશ્મનો છે. એમને મહાન્ વીર જ નષ્ટ કરી શકે છે, અને એ જ ઉત્તમોત્તમ પુરુષ છે.

卐

* Passions like attachment, aversion and others are our real enemies. Them a great hero destroys, And he alone is really a great or supreme man.

પ્રતિ

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.